# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 07-04-2025** **MIDDAY: 1.20 TO 1.30**
**Day: MONDAY** **National News**

આકાશવાણી સમાચાર પ્રવેશ અડિએચા વાંચે છે.

**************************************************

**1)** રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ પોર્ટુગલ અને સ્લોવાકિયાની મુલાકાતના પ્રથમ તબક્કામાં આજે લિસ્બન પહોંચ્યા.

**2)** વૈશ્વિક બજારોને પગલે ભારતીય શેરબજારમાં કડાકોઃ સૂચકાંકો 4થી 4.5 ટકા સુધી ઘટ્યાં.

**3)** આજે વિશ્વ આરોગ્ય દિવસ નિમિત્તે પ્રધાનમંત્રી મોદીએ સ્વસ્થ વિશ્વનાં નિર્માણ પ્રત્યેની પ્રતિબધ્ધતાનો પુનરોચ્ચાર કર્યો.

**4)** કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજે ભારત-પાકિસ્તાન આંતરરાષ્ટ્રીય સરહદની મુલાકાતે જશે.

**5)** IPLમાં, આજે મુંબઇમાં મુંબઇ ઇન્ડિયન્સ અને રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ વચ્ચે મુકાબલો.

.......................................................................

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી  સમાચાર પૂરા થયા)

# PREZ - PORTUGAL VISIT

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ પોર્ટુગલ અને સ્લોવાકિયાની તેમની રાજકીય મુલાકાતના પ્રથમ તબક્કામાં આજે લિસ્બન પહોંચ્યા. રાષ્ટ્રપતિ મુર્મુ તેમના પોર્ટુગલના સમકક્ષ માર્સેલો રેબેલો ડી સોસા સાથે પ્રતિનિધિમંડળ સ્તરની વાતચીત કરશે. તેઓ પ્રધાનમંત્રી લુઈસ મોન્ટેનેગ્રો અને સંસદના અધ્યક્ષ જોસ પેડ્રો એગ્વાયર બ્રાન્કોને પણ મળશે.

લિસ્બનનાં મેયરે રાષ્ટ્રપતિનાં સન્માનમાં એક વિશેષ કાર્યક્રમનું આયોજન કર્યું. રાષ્ટ્રપતિ પોર્ટુગલમાં ભારતીય સમુદાયના સભ્યોને પણ મળશે અને તેઓ વિવિધ યુનિવર્સિટીઓ અને શૈક્ષણિક સંસ્થાઓના કેટલાક ભારતીય સંશોધકોને મળે તેવી શક્યતા છે.

# WAQF PETITION SC

વક્ફ કાયદામાં તાજેતરમાં કરાયેલા સુધારાઓને સર્વોચ્ચ અદાલતમાં પડકારતી અરજીઓ આજે ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ સંજીવ ખન્ના સમક્ષ રજૂ કરવામાં આવી છે. વરિષ્ઠ એડવોકેટ કપિલ સિબ્બલે મુખ્ય ન્યાયમૂર્તિને વક્ફ સુધારા ખરડો, 2025ની બંધારણીય માન્યતાને પડકારતી પિટિશન પર તાત્કાલિક સુનાવણી કરવા વિનંતી કરી હતી.

આ વિનંતીના પ્રતિસાદમાં મુખ્ય ન્યાયમૂર્તિએ બપોર પછી આ વિષયમાં જરૂરી પગલાં લેવાનું જણાવ્યું હતું સંસદે શુક્રવારે પસાર કરેલા વક્ફ સુધારા ખરડા વિરુધ્ધ કોંગ્રેસ, AIMIM સહિતનાં કેટલાંક પક્ષોએ પિટિશન દાખલ કરી છે.

# MARKET DOWN

ભારતીય શેરબજારમાં આજે મોટાપાયે કડાકો જોવા મળ્યો હતો. હાલમાં સેન્સેક્સમાં ત્રણ હજાર અંક જ્યારે નિફ્ટીમાં એક હજાર અંકનો ઘટાડો જોવા મળી રહ્યો છે.

આજે શેરબજાર ખુલતાની સાથે જ સેન્સેક્સમાં બે હજાર 700 પોઇન્ટનો કડાકો થયો હતો જ્યારે નિફ્ટી પણ પ્રારંભિક તબક્કે સાતસો પોઇન્ટ ગગડ્યો હતો. અમેરિકા દ્વારા લાદવામાં આવી રહેલા ટેરિફના પગલે રોકાણકારો ઉપર અસર જોવા મળતા આજે ટ્રેડિંગના પહેલા સેશનમાં સેન્સેક્સમાં ત્રણ હજાર કરતાં વધુ અંકનું ગાબડુ પડ્યું હોવાનું શેરમાર્કેટ નિષ્ણાંત ભરત પંચાલે જણાવ્યું હતું.

## (બાઇટ- ભરત પંચાલ, માર્કેટ એનાલિસ્ટ)

# PM-WORLD-HEALTH-DAY

વિશ્વ આરોગ્ય દિવસ નિમિત્તે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સ્વસ્થ વિશ્વના નિર્માણ પ્રત્યેની તેમની પ્રતિબદ્ધતાનો પુનઃરોચ્ચાર કર્યો.

એક સંદેશમાં, શ્રી મોદીએ જણાવ્યું કે, સરકાર આરોગ્યસંભાળ અને લોકોના સુખાકારીના વિવિધ પાસાઓ પર ધ્યાન કેન્દ્રિત કરવાનું ચાલુ રાખશે. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે, સારું સ્વાસ્થ્ય એ દરેક સમૃદ્ધ સમાજનો પાયો છે. 2050 સુધીમાં 44 કરોડ ભારતીયો સ્થૂળતાથી પીડાતા હશે, તેવા અહેવાલને ટાંકીને પ્રધાનમંત્રીએ લોકોને ખોરાકમાં ઓછામાં ઓછા 10 ટકા તેલના ઉપયોગને ઘટાડવા અપીલ કરી.

શ્રી મોદીએ જણાવ્યું કે, આ પ્રયાસો વિકસિત ભારત તરફની યાત્રામાં દરેક નાગરિકનું સામૂહિક યોગદાન હશે.

# ED RAIDS

પ્રવર્તન નિદેશાલય- ED ના અધિકારીઓએ આજે રાજ્યના શહેરી વિકાસ મંત્રી કે.એન. નેહરુ, તેમના ભાઈ, એક વેપારી ભાગીદાર અને તેમના પુત્રનાં નિવાસસ્થાને દરોડા પાડ્યા છે. આજે વહેલી સવારથી ચેન્નાઈ કોઈમ્બતુર અને અન્ય ઘણા સ્થળોએ દરોડા પાડવામાં આવ્યા છે. આ દરોડા બે બેન્કો પાસેથી લીધેલી લોનના કૌભાંડ સાથે સંકળાયેલા છે.

તિરુચિરાપલ્લીમાં થયેલા સોદા અંગે બેન્કના બે અધિકારીઓની પૂછપરછ કરવામાં આવી છે.

# CHINTAN SHIBIR

સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલય દ્વારા આજથી ઉત્તરાખંડના દેહરાદૂન ખાતે બે દિવસીય ચિંતન શિબિર યોજશે.

આ શિબિરનો ઉદ્દેશ સામાજિક, શૈક્ષણિક અને આર્થિક સશક્તિકરણમાં આવતા અવરોધોને દૂર કરીને ન્યાયી અને સમાવિષ્ટ સમાજનું નિર્માણ કરવાના મંત્રાલયના અભિયાનને આગળ વધારવાનો છે. કેન્દ્રીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રી ડૉ. વીરેન્દ્ર કુમારની અધ્યક્ષતામાં યોજાઇ રહેલી આ ચિંતન શિબિરથી નિષ્ણાતો અને હિસ્સેદારો સામાજિક ન્યાય અને કલ્યાણની મુખ્ય પહેલોનું વ્યાપક મૂલ્યાંકન કરવા એક મંચ પર આવશે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# AMIT SHAH – JAMMU

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આજે ભારત પાકિસ્તાન આંતરરાષ્ટ્રીય સરહદની મુલાકાત લેશે અને કઠુઆ જિલ્લામાં બીએસએફ બોર્ડર આઉટ પોસ્ટ વિનયની મુલાકાત લેશે. શ્રી શાહ બપોરે રાજભવન ખાતે જમ્મુ અને કાશ્મીર પોલીસના શહીદોના પરિવારના સભ્યોને મળશે. તેઓ સાંજે શ્રીનગર માટે રવાના થશે.

શ્રી શાહ સુરક્ષા સ્થિતિની સમીક્ષા કરવા, અને કેન્દ્ર શાસિત પ્રદેશમાં કરોડો રૂપિયાની પરિયોજનાઓનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કરવા ગઈકાલે સાંજે રાજ્યની ત્રણ દિવસની મુલાકાતે પહોંચ્યા હતા.

# PAK FIRING

જમ્મુ અને કાશ્મીરના દિગવાર સેક્ટરમાં આતંકવાદીઓની ઘૂસણખોરી કરાવવા પાકિસ્તાની સેનાએ રવિવારે મધ્યરાત્રિએ પૂંછ જિલ્લામાં નિયંત્રણ રેખા પર ભારે ગોળીબાર કર્યો હતો.

સૂત્રોએ જણાવ્યું કે, આતંકવાદીઓને ઘૂસાડવાના હેતુથી ગોળીબાર કરવામાં આવ્યો હતો. ભારતીય સેનાએ પણ યોગ્ય જવાબ આપ્યો અને આખી રાત બંને બાજુથી વચ્ચે-વચ્ચે ગોળીબાર ચાલુ રહ્યો.

નિયંત્રણ રેખા પર સેના હાઈ-એલર્ટ પર છે. તેમણે આતંકવાદીઓના ઘૂસણખોરીના પ્રયાસને નિષ્ફળ બનાવ્યો. સવાર પડતાં જ વિસ્તારમાં સર્ચ ઓપરેશન શરૂ કરવામાં આવ્યું. આસપાસના વિસ્તારોને કોર્ડન કરી દેવામાં આવ્યા છે. ઉલ્લેખનીય છે કે, 25 ફેબ્રુઆરી 2021ના રોજ નિયંત્રણ રેખા પર યુદ્ધવિરામ કરાર થયો હતો. પાકિસ્તાને ઘણી વખત તેનું ઉલ્લંઘન કર્યું છે.

# IPL CRICKET

આઇપીએલ ટી-20 ક્રિકેટમાં, મુંબઈના વાનખેડે સ્ટેડિયમમાં આજે મુંબઈ ઈન્ડિયન્સ રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ સામે ટકરાશે. મેચ સાંજે સાડા સાત વાગ્યે શરૂ થશે.

ગઈકાલે ગુજરાત ટાઇટન્સે હૈદરાબાદમાં સનરાઇઝર્સ હૈદરાબાદને સાત વિકેટે હરાવ્યું. 153 રનના લક્ષ્યનો પીછો કરતા ગુજરાત ટાઇટન્સે 16.4 ઓવરમાં ત્રણ વિકેટ ગુમાવીને 153 રન બનાવ્યા હતા. ગુજરાત ટાઇટન્સ તરફથી સુકાની શુભમન ગિલે અણનમ 61 રન બનાવ્યા હતા. મોહમ્મદ સિરાઝને ‘મેન ઓફ ધ મેચ’ જાહેર કરવામાં આવ્યા.

# WEATHER FOR NOON

હવામાન વિભાગે ગુજરાતનાં સૌરાષ્ટ્ર અને કચ્છમાં આવતી કાલથી ત્રણ દિવસ માટે અતિશય ગરમીનું રેડ એલર્ટ જાહેર કર્યું છે. આ ઉપરાંત, હવામાન વિભાગે દિલ્હી, રાજસ્થાન, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, ગુજરાત અને ઓડિશાના 21 શહેરોમાં અતિશય ગરમી પડવાની આગાહી કરી છે. આજે હિમાચલ પ્રદેશના છૂટાછવાયા વિસ્તારોમાં ગરમીનું મોજું ફરી વળવાની શક્યતા છે.

હરિયાણા અને ચંદીગઢમાં પણ આગામી 10 તારીખ સુધી આવી જ સ્થિતિ જોવા મળી શકે છે. ભારતીય હવામાન વિભાગના વૈજ્ઞાનિક આર કે જેનામણીએ આ અંગે માહિતી આપીઃ

## (BYTE: R.K.JENEMANI)

# ISRAEL-US TALKS

ઇઝરાયલના પ્રધાનમંત્રી બેન્જામિન નેતન્યાહૂ આજે સાંજે વ્હાઇટ હાઉસમાં અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ સાથે મુલાકાત કરશે.

બંને નેતાઓ ઇઝરાયલ પર અમેરિકા દ્વારા તાજેતરમાં લાદવામાં આવેલા નવા ટેરિફ, હમાસ સાથે ચાલી રહેલી વાટાઘાટ, સીરિયામાં ઇઝરાયલ અને તુર્કી વચ્ચે સંભવિત તણાવ સહિત અનેક મુદ્દાઓ પર ચર્ચા કરે તેવી શક્યતા છે. અમેરિકા દ્વારા નવા ટેરિફ લાદ્યા પછી શ્રી નેતન્યાહૂ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પને રૂબરૂ મળનારા પ્રથમ વિદેશી નેતા હશે.

આ મુલાકાતમાં ટેરિફ દૂર કરવા માટેની વાટાઘાટ ઉપરાંત ઈરાન દ્વારા પરમાણુ જોખમ અને ગાઝામાં ચાલી રહેલા યુદ્ધ અંગે પણ ચર્ચા થવાની શક્યતા છે.

# PM MUDRA LOAN

પ્રધાનમંત્રી મુદ્રા યોજના હેઠળ અત્યાર સુધીમાં 32 લાખ કરોડ રૂપિયાથી વધુ મૂલ્યની 52 કરોડથી વધુ લોન મંજૂર કરવામાં આવી છે.

આ યોજના વર્ષ 2015 માં બિન-કોર્પોરેટ, બિન-ખેતી, નાના અને સૂક્ષ્મ ઉદ્યોગોને દસ લાખ રૂપિયા સુધીની જામીનગીરી વગરની લોન પૂરી પાડવા માટે શરૂ કરવામાં આવી હતી, જેનો ઉદ્દેશ્ય નાણાકીય સમાવેશને સરળ બનાવવા અને ઉદ્યોગસાહસિકોને સશક્ત બનાવવાનો હતો.

આ યોજના હેઠળ, ત્રણ શ્રેણીઓની લોન આપવામાં આવી રહી છે. આમાં 50 હજાર રૂપિયા સુધીની લોનનું શિશુ, પાંચ લાખ રૂપિયા સુધી કિશોર અને 10 લાખ રૂપિયા સુધીની લોનનો સમાવેશ થાય છે. લગભગ 70 ટકા મુદ્રા લોન મહિલા ઉદ્યોગસાહસિકો દ્વારા લેવામાં આવી છે.